40% સક્રિય બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ અમદાવાદ, પૂણે, જયપુર, લખનૌ, ચંદીગઢ જેવા નોન-ટિયર I શહેરોના

# ટિયર II અને III શહેરોની વૃદ્ધિમાં બિઝનેસ ઈન્ક્યુબેટરની આગેવાની

**ઇટી બ્યૂરો**
**અમદાવાદ**

દેશમાં સક્રિય ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સની વૃદ્ધિને પરિણામે ટિયર II અને III શહેરો સ્ટાર્ટ-અપ્સ માટેનાં નવાં કેન્દ્રો તરીકે ઊભરી રહ્યાં છે. નાસ્કોમ અને ઝિન્નોવના તાજેતરના અહેવાલ મુજબ, ભારતમાં કુલ સ્ટાર્ટઅપ્સમાં આ શહેરોના સ્ટાર્ટઅપ્સનો હિસ્સો આશરે ૨૦ ટકા છે.

આ પ્રોત્સાહક ટ્રેન્ડને એ હકીકત વધારે સમર્થન આપે છે કે અત્યારે આશરે ૪૦ ટકા સક્રિય બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ અમદાવાદ, પૂણે, જયપુર, લખનૌ, ચંદીગઢ વગેરે જેવા નોન-ટિયર I શહેરોમાં સ્થિત છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૬ની સરખામણીમાં વર્ષ ૨૦૧૭માં સ્થાપિત ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સની સંખ્યામાં ૩૫ ટકાની વૃદ્ધિ થઈ છે. દેશમાં ૧૯૦થી વધારે સક્રિય બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ છે, જેમાંથી ૯૦ એકેડેમિક છે. બાકીના કોર્પોરેટ, સરકાર સમર્થિત અને ખાનગી છે. સામાન્ય રીતે ભારતનાં ઘણાં ટિયર II/III શહેરો શૈક્ષણિક કેન્દ્રો છે, જે તેમને સ્ટાર્ટઅપ્સ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ માટે આદર્શ અને અનુકૂળ સ્થાનો બનાવે છે.

અહેવાલ જણાવે છે કે સ્થાપિત પરંપરાથી નોખો ચીલો ચાતરી ટિયર II/III શહેરોનાં મોટા ભાગનાં સ્ટાર્ટઅપ્સ આધુનિક ટેક્નોલોજી આધારિત છે, જે હેલ્થકેર, એગ્રી-ટેક, શિક્ષણ, નાણાકીય સર્વસમાવેશકતા, એનર્જી-ટેક અને વૈકલ્પિક ઊર્જા જેવાં નવાં ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, એડ્વાન્સ એનાલિટિક્સ અને આઈઓટીનો ઉપયોગ કરે છે. એવું જોવામાં આવ્યું હતું કે, ટિયર II/III સ્ટાર્ટઅપ્સનો મોટો હિસ્સો દેશના સામાજિક પડકારોનું સમાધાન કરવા ઉકેલ પૂરો પાડે છે.

બિઝનેસ ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સની ઈકોસિસ્ટમ વિશે અમદાવાદ સ્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "ભારતીય ઈન્ક્યુબેટર અને એક્સલરેટર ઈકોસિસ્ટમ પાર્ટનરશિપ સંચાલિત અને સેક્ટર-કેન્દ્રિત છે. એકેડેમિક ઈન્ક્યુબેટર્સ ફેકલ્ટીની સુલભતા, માર્ગદર્શકોનાં નેટવર્ક, ફંડર્સ, ઉદ્યોગસાહસિકો, ઉદ્યોગના નિષ્ણાતો, ખાનગી ક્ષેત્ર અને કામગીરી માટેનું અનુકૂળ વાતાવરણની દ્રષ્ટિએ નવા સ્ટાર્ટઅપ્સનો વિશિષ્ટ અનુભવ પ્રદાન કરે છે. ઉપરાંત ઈડીઆઈઆઈ જેવી ઘણી શૈક્ષણિક સંસ્થાઓ સ્ટાર્ટઅપ્સ સાથે સંબંધિત સરકારની મુખ્ય નીતિઓ માટે નોડલ એજન્સીઓ પણ હોવાથી ભારતમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ માટે પ્રોત્સાહનો અને પહેલોને અનુરૂપ છે."